### ૧૦૮ એમ્બ્યુલન્સના 'લાઇફ સેવિંગ મીશન'માં વધુ એક પીછું ઉમેરાયું

# ૮૦૦થી વધુ ૧૦૮ના માળખાએ રીસપોન્સ ટાઇમ સરેરાશ ૧૬ મીનિટનો કર્યો : ઋષિકેશ પટેલ

## ૧૦૮ સેવાનો રિસ્પોન્સ ટાઇમ શહેરી વિસ્તારમાં ૧૧ મિનિટ અને ગ્રામીણમાં ૨૦ મિનિટ અને સમગ્ર રાજ્યમાં સરેરાશ ૧૬ મીનિટનો

ગાંધીનગર, તા.૪

આરોગ્ય મંત્રી ઋષિકેશભાઈ પટેલે જણાવ્યું છે કે, રાજ્યમાં પથરાયેલા ૮૦૦ થી વધું ૧૦૮ એમ્બ્યુલન્સના માળખાએ રીસપોન્સ ટાઈમ સરેરાશ ૧૬ મીનિટનો કર્યો છે. આજે ૧૦૮ એમ્બુલન્સ સેવા ખરા અર્થમાં જીવન રક્ષક બનીને અનેક લોકોને નવજીવન પ્રદાન કરી રહી છે.

આજે ગાંધીનગર ખાતે ૧૦૮સિટીઝન મોબાઈલ એપ લોન્ચ કરતા મંત્રીએ ઉમેર્યું કે, ટેકનોલોજીનો શ્રેષ્ઠત્તમ ઉપયોગ કરીને આકસ્મિક પરિસ્થિતિમાં આપવામાં આવતી સેવાને વધુ સુદ્રઢ અને સરળ બનાવવાની દિશામાં પ્રયાસો હાથ ધરવામાં આવ્યા છે. વધુમાં મંત્રીએ૧૦૮ સિટીઝન મોબાઈલ એપનો રાજ્યની જનતાને મહત્તમ ઉપયોગ કરવા માટે અનુરોધ કર્યો હતો. આ એપમાં ગુજરાતી, હિન્દી અને અંગ્રેજી ભાષામાં માહિતી ઉપલબ્ધ બનશે તેમ મંત્રીએ ઉમેર્યુ હતુ.

આકસ્મિક પરિસ્થિતિઓમાં દર્દી, સગા તેમજ સામાન્ય વ્યક્તિ આરોગ્ય સેવા માટે સૌથી પહેલા ૧૦૮ની એમબ્યુલન્સને જ યાદ કરે છે. ૧૦૮ એબ્યુલન્સ સેવાના સુદ્રઢ માળખામાં નીત નવા સમય આધારિત સુધારા તેમજ ટેકનોલોજીના સમન્વય સાથેના ફેરફાર કરીને સેવાને શ્રેષ્ઠત્તમ બનાવવાની દિશામાં સમગ્ર તંત્ર કામ કરી રહ્યું હોવાનું મંત્રીએ જણાવ્યું હતુ.



# ગુજરાત સાહિત્ય અકાદમી દ્વારા રાષ્ટ્રીય સાહિત્ય સંવાદ 'સાહિત્ય પ્રયાગ'નું ભવ્ય આયોજન




ગાંધીનગર, તા.૪

ગુજરાત સાહિત્ય અકાદમી દ્વારા ગાંધીનગર ખાતે રાષ્ટ્રીય કક્ષાના સાહિત્ય સંવાદ 'સાહિત્ય પ્રયાગ'નું આયોજન કરવામાં આવ્યું હતું. ત્રિ-દિવસીય સાહિત્ય પ્રયાગનું ઉદઘાટન રાજ્યના સાંસ્કૃતિક મંત્રી મુળુભાઈ બેરાના વરદ હસ્તે કરવામાં આવ્યું હતું. ઉદઘાટન સત્રના બીજભાષણમાં વક્તવ્ય આપતા ભારતીય ભાષા મંચ, નવી દિલ્હીનાં સંરક્ષક અતુલ કોઠારીજી એ જણાવ્યું હતું કે "મા, માતૃભૂમિ અને માતૃભાષાનો કોઈ વિકલ્પ નથી." કોઠારીએ ભારતીય ભાષાઓના સંરક્ષણ માટે વ્યવહારમાં તેના વધુમાં વધુ ઉપયોગ પર ભાર મુક્યો હતો. મંત્રી મુળુભાઈ બેરાએ આ કાર્યક્રમ અનોખો છે તેમ કહી સાહિત્યિક મંથનના માધ્યમથી સાહિત્યમાં નવી દિશાઓ, નવા વિષયો આપવામાં ગુજરાત હંમેશા અગ્રેસર રહ્યું છે અને રહેશે તેમ જણાવ્યું હતું. ગુજરાત સાહિત્ય અકાદમીના અધ્યક્ષ ભાગ્યેશ જહાએ સાહિત્યમાં આવતા પરિવર્તન, નવા પડકારો અંગે ચર્ચા કરી હતી. સાહિત્ય પ્રયાગમાં સાહિત્ય અને રાષ્ટ્રીયતા, સાહિત્ય અને ટેકનોલોજી, વિશ્વ પ્રવાહો અને સાહિત્ય જેવા વિષયો પર ભારતભરના વિદ્વાનોએ ઊંડાણપૂર્વક રોચક ચર્ચા કરી હતી. આ કાર્યક્રમમાં ૧૩ રાજ્યોના વિવિધ ભાષાઓના સાહિત્યકારો-કેન્દ્રીય સાહિત્ય અકાદમીના પદાધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા. સૌએ ગુજરાત સાહિત્ય અકાદમીની આ પહેલને બિરદાવી હતી.

સાહિત્ય પ્રયાગમાં કેન્દ્રીય સાહિત્ય અકાદમીના સચિવ નિવાસ રાવ, સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ ગુજરાત સરકારના અગ્ર સચિવ અશ્વિનીકુમાર, ગુજરાત સાહિત્ય અકાદમીના મહામાત્ર ડૉ. જયેન્દ્રસિંહ જાદવ, પ્રો. કુમુદ શર્મા, સંજય ચૌધરી અને ગુજરાતના અગ્રણી સાહિત્યકારો ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમના અંતે ગુજરાત ટુરીઝમ દ્વારા ગુજરાતની સાંસ્કૃતિક ઝાંખી દર્શાવતો સાંસ્કૃતિક કાર્યક્રમ દર્શાવવામાં આવ્યો હતો.

# અરવલ્લીમાં કમોસમી વરસાદથી ચિંતાનું મોજુ

## અરવલ્લીમાં કમોસમી વરસાદ થયો છે : જિલ્લામાં હજારો હેક્ટરમાં ખેડૂતોએ ઘઉં, બટાકા અને ચણાની ખેતી કરી છે, આવામાં તેમને ચિંતા છે કે માવઠાના કારણે મોઢામાં આવેલો કોળિયો છીનવાઈ જશે?

અમદાવાદ, તા.૪

અરવલ્લીના વાતાવરણમાં પલટો આવ્યો છે, જિલ્લાના કેટલાક ભાગોમાં વરસાદ થયો છે. માવઠું થવાથી ખેડૂતોની મુશ્કેલીમાં વધારો થવાની ચિંતા પણ ઉભી થઈ છે. જિલ્લાના માલપુર સહિતના કેટલાક ભાગોમાં વરસાદ થયો છે. હવામાન વિભાગ દ્વારા રાજ્યમાં માવઠું થવાની આગાહી કરવામાં આવી હતી, ત્રણ દિવસ સુધી રાજ્યના અલગ-અલગ ભાગોમાં વરસાદ પડવાની સંભાવના વ્યક્ત કરવામાં આવી છે. અરવલ્લીમાં માલપુર સહિત કેટલાક ભાગોમાં ઝરમર-ઝરમર વરસાદ થતા ખેડૂતો ચિંતામાં મૂકાયા છે. જો માવઠાનું જોર વધે તો ચણા અને બટાકાના પાકને નુકસાન થવાની સંભાવના છે. જિલ્લામાં ૭૯ હજાર હેક્ટરમાં ઘઉં અને ૧૯ હજાર હેક્ટરમાં બટાકાનું વાવેતર કરવામાં આવ્યું છે. આ સિવાય ૧૨ હજાર હેક્ટરમાં ચણાનું વાવેતર કરવામાં આવ્યું છે. માવઠાના કારણે મોઢામાં આવેલો કોળિયો છીનવાઈ જવાનો ડર ખેડૂતોને સતાવી રહ્યો છે. રાજ્યમાં સૌરાષ્ટ્ર-કચ્છ, ઉત્તર ગુજરાત અને દક્ષિણ-પૂર્વના ભાગોમાં વરસાદની આગાહી વ્યક્ત કરવામાં આવી હતી. હવામાન વિભાગ સિવાય અંબાલાલ પટેલ સહિતના હવામાન નિષ્ણાંતો દ્વારા પણ અગાઉ રાજ્યમાં માવઠું થવાની આગાહી કરવામાં આવી હતી. વરસાદની આગાહી સાથે ગરમીનું જોર પણ સતત વધી રહ્યું છે. શુક્રવારે રાજ્યમાં સૌથી ઊંચું મહત્તમ તાપમાન સુરત અને સુરેન્દ્રનગરમાં ૩૯ ડિગ્રી નોંધાયું હતું, જ્યારે સૌથી ઊંચું લઘુત્તમ તાપમાન સુરતમાં ૨૩ ડિગ્રી નોંધાયું હતું.

જ્યારે સૌથી નીચું લઘુત્તમ તાપમાન ઓખામાં ૩૦ ડિગ્રી નોંધાયું હતું અને સૌથી નીચું લઘુત્તમ તાપમાન ગાંધીનગરમાં ૧૬ ડિગ્રી નોંધાયું હતું. આમ ગરમીનું પ્રમાણ વધતા ડબલ ઋતુનો અંત આવી રહ્યો છે. રાજ્યમાં અમદાવાદ, ભૂજ, અમરેલી, રાજકોટમાં તાપમાનનો પારો ૩૮ ડિગ્રીએ પહોંચ્યો હતો, જ્યારે રાજ્યના મોટાભાગના વિસ્તારોમાં તાપમાનનો પારો ૩૫ ડિગ્રીને પાર કરી ગયો હતો. આગામી થોડા દિવસમાં આકરી ગરમી પડવાની સંભાવના વ્યક્ત કરાઈ રહી છે. નજીકના સમયમાં લઘુત્તમ તાપમાનનો પારે ૪૦ ડિગ્રીને પાર જઈ શકે છે. જોકે, વરસાદ અને વાદળછાયું વાતાવરણ રહેવાથી ૨-૩ ડિગ્રીનો ઘટાડો પણ થઈ શકે છે.

# ગુજરાતમાં ૩,૬૫,૦૦૦ ખેડૂતો પ્રાકૃતિક ખેતી અપનાવી રહયા છે

## પ્રાકૃતિક ખેતીનું પ્રશિક્ષણ અને પ્રાકૃતિક ખેતપેદાશોનું માર્કેટિંગ, બન્ને ટોચઅગ્રતા : રાજયપાલ આચાર્ય દેવવ્રતજી

ગાંધીનગર, તા.૪

ખેડૂતો માટે આશીર્વાદરૂપ એવી પ્રાકૃતિક ખેતી વધુને વધુ ખેડૂતો અપનાવી રહ્યા છે. ગુજરાતમાં ૩,૬૫,૦૦૦ ખેડૂતો પ્રાકૃતિક ખેતી કરતા થયા છે. ૪,૦૯,૦૦૦ એકર ભૂમિ પર હવે પ્રાકૃતિક ખેતી થાય છે. રાજ્યપાલ આચાર્ય દેવવ્રતજીએ આજે કૃષિ વિભાગના ઉચ્ચ અધિકારીઓ સાથે પ્રાકૃતિક કૃષિ સંદર્ભે સમીક્ષા કરી હતી. તેમણે કહ્યું હતું કે, ખેડૂતોને સાચા અર્થમાં આત્મનિર્ભર બનાવતી, પશુઓના સંવર્ધન, પર્યાવરણના જતન અને સ્વાસ્થ્ય માટે અનિવાર્ય એવી પ્રાકૃતિક ખેતી વિશે વધુને વધુ ખેડૂતો માહિતીગાર થાય અને પ્રાકૃતિક ખેતી કરતા થાય એ માટે આયોજનબદ્ધ પગલાં લેવાઈ રહ્યા છે. એટલું જ નહીં, પ્રાકૃતિક ખેત પેદાશોના સુવ્યવસ્થિત માર્કેટિંગ માટે પણ વ્યવસ્થા તંત્ર ગોઠવાઈ રહ્યું છે. આ બંને બાબતોને એક સરખી અગ્રતા આપીને કૃષિ વિભાગ અને પ્રાકૃતિક કૃષિ-આત્મા દ્વારા ઝુંબેશની જેમ કામ થઈ રહ્યું છે. રાજ્યપાલ આચાર્ય દેવવ્રતજીએ બેઠકમાં કહ્યું હતું કે, રાસાયણિક ખાતરો અને જંતુનાશક દવાઓના બેફામ ઉપયોગથી માનવના સ્વાસ્થ્ય સામે ગંભીર પડકારો ઉભા થયા છે.



# એન. એસ. એસ. વોલન્ટીયર્સ દ્વારા બટાકાની ખેતી દ્વારા આર્થિક ઉપાર્જન

### આત્મનિર્ભર ભારતનો શ્રેષ્ઠ ઉદાહરણ



ગાંધીનગર, તા.૪

ગૂજરાત વિધાપીઠ સંચાલિત શારીરિક શિક્ષણ વિભાગ, સાદરાની રાષ્ટ્રીય સેવા યોજના એકમ દ્વારા પ્રાકૃતિક રીતે બટાકાની ખેતી કરવામાં આવી છે જેમાં પરિસરમાંથી નીકળેલા કચરામાંથી બનાવેલ જૈવિક ખાતરનો પ્રયોગ કરવામાં આવ્યું હતું અને સફેદ બટાકા પુખરાજની વેરાયટી કરવામાં આવી હતી માનનીય રાજ્યપાલશ્રી આચાર્ય દેવવ્રતન અહવાન પર આઝાદીન અમૃત મહોત્સવ પર યુવા સંકલ્પ શ્રેષ્ઠ ભારતન પંચ પ્રકલ્પ અંતર્ગત પ્રાકૃતિક ખેતી પ્રોજેક્ટમાં રાષ્ટ્રીય સેવા યોજના સ્વયંસેવકો ખુબજ મહેનત અને કઠોર પરિશ્રમ કરી સમાજની સામે એક શ્રેષ્ઠ દાખલા પ્રસ્તુત કર્યો છે કે રાષ્ટ્રીય સેવા યોજના સ્વયસેવકો અગર સંકલ્પ કરે તો ગમે તે સમાજ ઉપયોગી અને આત્મનિર્ભર બની શ્રેષ્ઠ ઉત્પાદન પણ કરી શકે છે અને શિક્ષણ પ્રાપ્ત કરતા કરતા આર્થીક ઉપાર્જન પણ કરી શકે છે તેનો ઉત્તમ ઉદાહરણ સાદરા ખાતેની શારીરિક શિક્ષણ અને રમત વિજ્ઞાન વિદ્યાશાખાની રાષ્ટ્રીય સેવા યોજના એકમ છે જે વર્ષ દરમ્યાન વિવિધ રાષ્ટ્રીય સેવા યોજનાન પ્રવૃત્તિઓ દ્વારા એટલો આર્થીક ઉપાર્જન કરી લે છે જેનાથી રાષ્ટ્રીય સેવા યોજના એકમનો સંચાલન કરી શકાય છે આ વર્ષે એકમની સ્વય સેવક શ્રી હસ્તી બેન વેગડને ગુજરાત સરકાર તરફથી શ્રેષ્ઠ સ્વય સેવકનો એવોર્ડ પણ પ્રાપ્ત થયો છે. બટાકાની ખેતીમાં નિષ્ણાત તરીકે ડૉ. દલસંગભાઈ ચૌધરી અને ડૉ અરવિંદ ભાઈ રામીની વિશેષ ભૂમિકા રહી હતી. સંપૂર્ણ પ્રોજેક્ટમાં શ્રી ખંજન મકવાણા, શ્રી કેવલ મોરી, વિરલ ચૌધરી, શ્રી ચિરાગ ઓડ, શ્રી રાજદીપ પરમાર અને શ્રી ચંદ્રભાન મકવાણાની વિશેષ જવાબદારી રહી હતી. કુલ ૨૨૦૦ કિલો બટાકાનું ઉત્પાદન કરવામાં આવ્યું છે જેની અંદાજીત કિંમત ૨૫૦૦૦ થી ૩૦૦૦૦ હાજર રુપયે છે ડીનશ્રી ડૉ. જગદીશચંદ્ર સાવલિયા અને પ્રોગ્રામ કોર્ડીનેટર ડૉ. અરુણભાઈ ગાંધી તેમની આ સરસ કામગીરી માટે અભિનંદન આપ્યું છે કાર્યક્રમમાં માર્ગદર્શન અને પ્રોત્સાહનની ભૂમિકા સંસ્થાના રાષ્ટ્રીય સેવા યોજના એકમના પ્રોગ્રામ ઓફિસર ડૉ. નીરજ સિલાવટની રહી હતી

# આજે સે. ૨૪માં જનઔષધિ કેન્દ્ર ખાતે નિઃશુલ્ક નિદાન કેમ્પનું આયોજન

ગાંધીનગર, તા.૪

દર વર્ષે તારીખ ૫મી માર્ચના રોજ દેશભરમાં ભારત સરકાર દ્વારા "પ્રધાનમંત્રી જનઔષધિ દિવસ" તરીકે ઉજવવામાં આવે છે. જે અંતર્ગત પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી દેશભરમાં કાર્યરત જનઔષધિ મેડિકલ સ્ટોરના સંચાલકો સાથે વિડિયો કોન્ફરન્સના માધ્યમથી સીધો સંવાદ કરે છે. આ દિવસના ઉપલક્ષ્યમાં ગાંધીનગર શહેરમાં સેક્ટર-૨૪માં કોલવડા રોડ પર ગોપાલ ડેરીની બાજુમાં આવેલા ૨૩૭, ડબલ ડેકર ખાતેના જનઔષધિ મેડિકલ સ્ટોર ખાતે તા.૫ માર્ચ રવિવારે સવારે ૯થી ૧૨ કલાક દરમ્યાન બ્લડપ્રેશર અને ડાયાબિટીસના દર્દીઓ માટે નિષ્ણાંત તબીબોની ટીમના સહયોગથી નિઃશુલ્ક નિદાન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે. આ સાથે રોટરી ક્લબ ઓફ ગાંધીનગર દ્વારા ૧ વર્ષથી ૮ વર્ષની વય ધરાવતા બાળકો માટે વિના મૂલ્યે સુવર્ણ પ્રાશન કેમ્પનું આયોજન પણ કરવામાં આવ્યું છે.

સે.૨૪માં જનઔષધિ કેન્દ્ર ખાતે સવારે ૯થી ૧૨ દરમ્યાન યોજાનારા આ નિદાન કેમ્પ દરમ્યાન ડો.ભવદીપ પટેલ અને ડો. દિવ્યરાજ વાઘેલા આરોગ્ય જાગૃતિ અંગે, ડો.આકાશ પરીખ દાંતની તકલીફો અંગે અને ડો.નિરવ નાણાવટી બાળરોગ બાબતે માર્ગદર્શન આપશે. આ સાથે કેમ્પ દરમ્યાન જનઔષધિ સંદર્ભે જનરિક દવાઓ બાબતે જન જાગૃતિ ફેલાવતું એક નુક્કડ નાટક પણ પ્રસ્તુત કરાશે તેવું સે.૨૪ના જનઔષધિ કેન્દ્રના સંચાલિકા ફોરમ ગજ્જરે જણાવતા સર્વે શહેરીજનોને આ નિઃશુલ્ક નિદાન કેમ્પમાં ઉપસ્થિત રહી કેમ્પમાં મળનારી નિઃશુલ્ક તબીબી સેવાનો લાભ લેવા જાહેર અનુરોધ કરવામાં આવ્યો છે.



અનુસૂચિત જાતિ મોરચાના પ્રદેશ પ્રમુખ ગૌતમભાઈ ગેડીયાનુ સ્વાગત ભાનુભાઈ દવે પરિવાર દ્વારા કરવામાં આવ્યુ હતુ. તેઓ સેક્ટર-૨ માં પધારતા સ્વાગત કરાયુ હતુ.

# અડાલજ ખાતે ઉ.ગુ.વીજ કંપની દ્વારા લાઈનમેન દિવસની ઉજવણી કરાઈ

ગાંધીનગર, તા.૪

શ્રી સાધુ બેલા તીર્થ, અડાલજ ખાતે શ્રી ભારત સરકાર વિદ્યુત મંત્રાલય દ્વારા કેન્દ્ર તેમજ રાજ્ય સરકારના તમામ સાહસો -બોર્ડ-નિગમોમાં ફરજ બજાવતા લાઈન સ્ટાફ ની કામગીરીઓને બિરદાવવા માટે ઉત્તર ગુજરાત વીજ કંપની લિમિટેડ આયોજિત "લાઈનમેન" દિવસની ઉજવણી પ્રસંગે ઉપસ્થિત રહી સારી કામગીરી બદલ લાઈનમેનો ને પ્રમાણપત્ર એનાયત કરવાનો અવસર પ્રાપ્ત થયો તેમજ ગઈકાલે UGVCL ને બેસ્ટ કંપનીનો એવોર્ડ મળ્યો તે બદલ અભિનંદન પાઠવ્યા, પ્રજાની સુખાકારી માટે પોતાના જીવના જોખમે જીવંત વીજ પ્રસ્થાપન સાથે ઠંડી, ગરમી, વરસાદ, વાવાઝોડું કે કુદરતી હોનારતમાં કામગીરી કરીને વીજ પુરવઠો યથાવત રાખે અને ખોરવાયેલ વીજ પુરવઠાને યુદ્ધના ધોરણે પૂર્ણ યથાવત કરે છે

આ કાર્યક્રમમાં ઉત્તર ગુજરાત વીજ કંપની લિમિટેડના મેનેજિંગ ડિરેક્ટર પ્રભવભાઈ જોશી, કાર્યપાલ ઈજનેર એસ.એમ.શાહ, નાયબ ઈજનેર એ.આઈ.પટેલ તથા મોટી સંખ્યામાં સ્ટાફગણ ઉપસ્થિત રહ્યા.



# ભારતીય ચિત્ર સાધના આયોજિત ૫માં શોર્ટ ફિલ્મ ફેસ્ટિવલનું લોંચિંગ




નવી દીલ્હી, તા.૩

ભારતીય ચિત્ર સાધનાએ ચિત્ર ભારતી ફિલ્મ ફેસ્ટિવલ (CBFF) ની ૫મી આવૃત્તિની તારીખોની જાહેરાત કરી છે. ભારતીય ચિત્ર સાધનાએ ગુરુવારે દિલ્હીના કોન્સ્ટિટ્યુશન ક્લબમાં આયોજિત પ્રેસ કોન્ફરન્સમાં આ માહિતી આપી હતી.

પ્રેસ કોન્ફરન્સમાં સિને જગતના જાણીતા નિર્દેશક અને અભિનેતા સતીશ કૌશિક, પ્રખ્યાત ગાયક, અભિનેતા અને ભોજપુરી સિનેમાના સાંસદ મનોજ તિવારી હાજર હતા. મંચ પર ભારતીય ચિત્ર સાધનાના પ્રમુખ શ્રી બી.કે. કુઠિયાલા અને સેક્રેટરી અતુલ ગંગવાર પણ હાજર હતા.

પત્રકાર પરિષદમાં ૫મા ચિત્ર ભારતી ફિલ્મ ફેસ્ટિવલનું પોસ્ટર રિલીઝ કરવામાં આવ્યું હતું. આ સાથે ૨૦૨૪માં યોજાનાર ચિત્ર ભારતી ફિલ્મ ફેસ્ટિવલની તારીખો અને સ્થળની પણ જાહેરાત કરવામાં આવી હતી.

પત્રકાર પરિષદમાં ભારતીય સિનેમાના બદલાતા સ્વભાવ અને નવોદિત કલાકારોના પડકારો અંગે શ્રી સતીશ કૌશિકે જણાવ્યું હતું કે હું દેશ તેમજ વિદેશમાંથી અનેક ફિલ્મ ફેસ્ટિવલમાં હાજરી આપી ચૂક્યો છું, પરંતુ ચિત્ર ભારતી ફિલ્મ ફેસ્ટિવલ એક હેતુ સાથે ચાલી રહ્યો છે.

ફિલ્મ જગતના નવા સર્જન માટે તેઓ સતત આધ્યાત્મિક અભ્યાસ સાથે આગળ વધી રહ્યા છે. શ્રી સતીશ કૌશિકના મતે, સિનેમા સ્ક્રીન એ માત્ર પૈસા કમાવવાનું સાધન નથી, પરંતુ તે આપણી સભ્યતા અને સંસ્કૃતિને બતાવવાની અને દેશની પરંપરાઓ, ઈતિહાસ અને મૂલ્યોને ફિલ્મો દ્વારા જણાવવાની તક છે. આજે દર્શકો પડદા પર પશ્ચિમનો પ્રભાવ જોઈને થાકી ગયા છે. ભારતીય મૂલ્યો સાથે સિનેમા જગતમાં પરિવર્તનની જરૂર છે. પરંતુ પ્રાદેશિક સિનેમાની શક્તિ આજે પણ ઘણી મજબૂત છે.

## ગરમીનું જોર

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

પહોંચી જશે જયારે આ દરમિયાન વાદળિયા વાતાવરણ વચ્ચે કેટલાક ઠેકાણે માવઠુ પણ થશે.

ગરમીની મોસમ નિખરતી જતા શહેરમાં ગરમાળા વૃક્ષો પર પીળા રંગના પુષ્પો ખીલ્યા છે. જેના લીધે શહેરના માર્ગો આસપાસ સુંદર નઝારો જોવા મળે છે. જયારે ગરમીની મોસમ સાથે શહેરના શોપિંગ બજારોમાં પણ બપોરના સમયે હવે વિશેષ ચહલ પહલ જોવા મળતી નથી. નગરજનો હજુ બેવડી ઋતુથી પ્રભાવિત છે. જેના લીધે જન આરોગ્ય પ્રભાવિત છે. જો કે હોળી ધુળેટી બાદ ગરમીનુ જોર વધતા શહેરીજનોને વાયરલની અસરમાથી રાહત મળશે તેમ પણ નિષ્ણાંત તબીબોનો મત છે.

## વસંતોત્સવ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

છોટાઉદેપુરથી રાઠવા હોળી નૃત્ય, ભરૂચ જિલ્લાનું પ્રસિદ્ધ સીદી ધમાલ નૃત્ય, નર્મદા જિલ્લાથી મેવાસી નૃત્ય, તુરી બારોટ સમાજના લુપ્ત થતા જતા મેવડો, મરચી, બેડા નૃત્ય, સળગતો ગરબો, મંજીરા, રાસ વિગેરે આ વર્ષે પ્રેક્ષકોને જોવામાં લ્હાવો મળશે. આ ઉપરાંત અન્ય રાજ્યોના લોકનૃત્યો પણ મનોરંજનનું કેન્દ્ર બની રહેશે. વેસ્ટઝોન કલ્ચર સેન્ટર રાજસ્થાન, ઉદેપુરના સહયોગથી રાજસ્થાન, પંજાબ, આસામ, છત્તિસગઢ, હરિયાણા, પશ્ચિમ બંગાલ, મણિપુર, ઉત્તરાખંડ, જમ્મુ અને કશ્મીર, ઓડિસા વગેરે રાજ્યોના લોકનૃત્યની ઝાંખી રજૂ કરવામાં આવશે.

આ વર્ષે વસંતોત્સવ દરમિયાન ઓસ્માન મીર, સાંઈરામ દવે, ગીતા રબારી, જીગ્નેશ કવિરાજ, કિર્તીદાન ગઢવી સહિતના દિગ્ગજ કલાકારોને લાઈવ સાંભળવાનો અનેરો અવસર કલારસિકો લઈ શકશે.

આ વર્ષે વસંતોત્સવમાં પોટ્રેટ રંગોળી અને રેત શિલ્પના કલાકારો દ્વારા દરરોજ નવીનતમ વિષય સાથે રેત શિલ્પનું સર્જન કરાયું હતું. જે કલારસિક પ્રજા માટે ખાસ આકર્ષણનું કેન્દ્ર બન્યું હતું. આ વર્ષે પણ આવાજ અનેક સ્ટોલ જોવા મળશે. જેમાં અવનવી કલાનું પ્રદર્શન કરવામાં આવશે. સાથે જ સૌના મનપસંદ ખાણી-પીણીના સ્ટોલ ઉપલબ્ધ રહેશે.

## બસ સેવા

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

ડેપોમાંથી વધારાની બસ સેવાનુ આયોજન કરવામાં આવે છે. તહેવારોના દિવસોમાં આમ પણ સલામત સવારીમાં ટ્રાફિકનુ પ્રમાણ વધી જાય છે. એસ ટી બસમાં ટ્રાફિક જામના દ્રશ્યો જોવા મળે છે. જેમાં ખાસ કરીને સંતરામપુર, દાહોદ, ઝાલોદ લુણાવાડા એ પંચમહાલ સહીતના વિસ્તારમાં મુસાફરોની સંખ્યા વધી જાય છે.

જયારે આ ટ્રાફિકને પહોંચી વળવા તેમજ તહેવારના દિવસોમાં ડેપો દ્વારા મુસાફરોની માંગણીને ધ્યાનમાં રાખી રૂટમાં બસો દોડાવામાં આવે છે. જયારે આગામી હોળીના પર્વને અનુલક્ષીને ડેપો દ્વારા આજથી ચાર દિવસ સુધી વધારાની બસ સેવા શરૂ કરી દેવામાં આવી છે. આ રૂટમાં આગામી તા ૮ માર્ચ સુધી વધારાની બસો દોડાવાશે. જેના અંતે ડેપોને વધારાની આવક પણ થશે.